પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન

ક્રમાંક:મઉમશબ/ક/૩૯૮૧-૩૮૧૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૧/૦૭/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય

વિષય – અધ્યયન નિષ્પત્તિઓ આધારિત પ્રશ્નબેંક મૂલ્યાંકન બાબત. (શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪)
સંદર્ભ – (૧) ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડના પત્રક્રમાંક – મઉમશબ/માધ્યમિક/જે/૭૪૪૭/૨૦૨૨, તા.૧૯/૦૭/૨૦૨૨
(૨) ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડના પત્રક્રમાંક–મઉમશબ/ક/૩૭૮૧/૨૦૨૨, તા.૨૩/૦૭/૨૦૨૨

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે વિદ્યાર્થીઓના શિક્ષણના અભ્યાસમાં સાતત્ય જળવાઈ રહે તેમજ સતત મૂલ્યાંકન દ્વારા શિક્ષણની ગુણવત્તાના સુધારના હેતુથી રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહેલ છે. જેના અનુસંધાને ગત વર્ષથી ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકનની પદ્ધતિ દ્વારા એકમ કસોટી અમલમાં મૂકેલ. જેમાં શાળાએ પ્રશ્નબેંકમાંથી પ્રશ્નો પસંદ કરી પોતાની રીતે મૂલ્યાંકન હાથ ધરવાનું રહેશે. પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકનના અમલ માટે તા.૨૩/૦૭/૨૦૨૨ના પત્રનો અમલ કરવા જણાવવામાં આવે છે.

સૂચનાઓ:-

- શાળાઓએ ધોરણ-૯ થી ૧૨ નું પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન સામેલ સમય પત્રક મુજબ ૧ કલાકના સેશનમાં યોજવાનું રહેશે.
- પ્રશ્નબેંક અધ્યયન નિષ્પત્તિઓ આધારિત બનાવેલ છે. તે મુજબ ૨૫ ગુણની કસોટી લેવાની રહેશે.
- પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન માટે ધોરણ-૯ થી ૧૨ ના દરેક ધોરણના જે-તે વિષયો માટેની પ્રશ્નબેંક બોર્ડ દ્વારા તૈયાર કરી મોકલવામાં આવશે. જેની વિગતો સમયપત્રકમાં ઉપલબ્ધ છે.
- પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન માટે અભ્યાસક્રમની વિગતો દર્શાવેલ છે.
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકના આધારે જ પ્રશ્નબેંકની રચના કરવામાં આવેલ છે.
- શાળાઓ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા પાસવર્ડ લોગ ઈન કરી પ્રશ્નબેંક ડાઉનલોડ કરી શકશે.
- ઓનલાઈન મેળવેલ પ્રશ્નબેંકના આધારે શાળાએ પ્રશ્નો પસંદ કરી લીધેલ કસોટીનું ગુણાંકન દિન-૩ માં કરવાનું રહેશે. જે માટે વિષયવાર પ્રશ્નબેંકમાં આપેલ સૂચનાઓને અનુસરવાની રહેશે. મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓને પરિણામની જાણ કરવાની રહેશે. ઉત્તરવહીમાં વાલીની સહી અચૂક લેવાની રહેશે.
- ડેટા એન્ટ્રીની કામગીરી સંબંધિત શિક્ષકોએ દિન-૭ માં **XAMTA** એપ્લિકેશનમાં કરવાની રહેશે.
- શાળાએ વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની કાર્યવાહી યોગ્ય રીતે થાય તેની તકેદારી રાખવી તથા મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની વિગતો અને જરૂરી દસ્તાવેજો સમગ્ર વર્ષ દરમિયાન શાળા કક્ષાએ સાચવી રાખવાના રહેશે.

[પાછળ.....

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા સમયાંતરે એકમ કસોટી સંબંધિત અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે તથા દરેક શાળામાં યોગ્ય રીતે મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- શાળાના વાર્ષિક નિરીક્ષણ વખતે પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન યોગ્ય રીતે થયેલ છે કે કેમ? તે ધ્યાને લેવાનું રહેશે.
- રાજ્યની તમામ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ ફરજિયાતપણે બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રશ્નબેંકના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું રહેશે. જ્યારે સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પ્રશ્નબેંકનો સ્વૈચ્છિક રીતે ઉપયોગ કરી શકશે.

(એમ.કે.રાવલ)
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

બીડાણ :–

- ધોરણ-૯ થી ૧૨ નો મૂલ્યાંકન માટેનો અભ્યાસક્રમ
- મૂલ્યાંકન માટેનું સમયપત્રક

સવિનય નકલ રવાના :–

- માન. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂં :–

- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેકટર-૧૨, ગાંધીનગર
- માન. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- માન. સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા તમામ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- આઈ.ટી.મેનેજરશ્રી, આઈ.ટી.શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2023-24નું પ્રશ્નબેંક આધારિત એકમ કસોટીનું વાર્ષિક કેલેન્ડર					
ક્રમ	એકમ કસોટી	ધોરણ	વિષય	તારીખ	અભ્યાસક્રમ
1	પહેલી	9-10	ગુજરાતી F.L & S.L.	6/7/2023	૩૦ જૂન સુધીનો અભ્યાસક્રમ
2			વિજ્ઞાન		
3		11-12 (વિજ્ઞાન પ્રવાહ)	રસાયણ વિજ્ઞાન		
4			ભૌતિક વિજ્ઞાન		
5		11-12 (સામાન્ય પ્રવાહ)	મનોવિજ્ઞાન / નામાના મૂળતત્વો/ અર્થશાસ્ત્ર		
6		9-10	સામાજિક વિજ્ઞાન	20/07/2023	૧૫ જૂલાઇ સુધીનો અભ્યાસક્રમ
7			ગણિત		
8		11-12 (વિજ્ઞાન પ્રવાહ)	અંગ્રેજી F.L. & S.L.		
9			ગણિત / જીવ વિજ્ઞાન		
10		11-12 (સામાન્ય પ્રવાહ)	આંકડાશાસ્ત્ર		
11			અંગ્રેજી F.L. & S.L. / વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન		
12	બીજી	9-10	ગુજરાતી F.L & S.L.	3/8/2023	૩૧ જૂલાઇ સુધીનો અભ્યાસક્રમ
13			વિજ્ઞાન		
14		11-12 (વિજ્ઞાન પ્રવાહ)	રસાયણ વિજ્ઞાન		
15			ભૌતિક વિજ્ઞાન		
16		11-12 (સામાન્ય પ્રવાહ)	મનોવિજ્ઞાન / નામાના મૂળતત્વો/ અર્થશાસ્ત્ર		
17		9-10	સામાજિક વિજ્ઞાન	18/08/2023	૧૫ ઓગસ્ટ સુધીનો અભ્યાસક્રમ
18			ગણિત		
19		11-12 (વિજ્ઞાન પ્રવાહ)	અંગ્રેજી F.L. & S.L.		
20			ગણિત / જીવ વિજ્ઞાન		
21		11-12 (સામાન્ય પ્રવાહ)	આંકડાશાસ્ત્ર		
22			અંગ્રેજી F.L. & S.L. / વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન		

ક્રમ	એકમ કસોટી	ધોરણ	વિષય	તારીખ	અભ્યાસક્રમ
23	ત્રીજી	9-10	ગુજરાતી F.L & S.L.	1/9/2023	૩૧ ઓગસ્ટ સુધીનો અભ્યાસક્રમ
24			વિજ્ઞાન		
25		11-12 (વિજ્ઞાન પ્રવાહ)	રસાયણ વિજ્ઞાન		
26			ભૌતિક વિજ્ઞાન		
27		11-12 (સામાન્ય પ્રવાહ)	મનોવિજ્ઞાન / નામાના મૂળતત્વો/ અર્થશાસ્ત્ર		
28		9-10	સામાજિક વિજ્ઞાન	21/09/2023	૧૫ સપ્ટેમ્બર સુધીનો અભ્યાસક્રમ
29			ગણિત		
30		11-12 (વિજ્ઞાન પ્રવાહ)	અંગ્રેજી F.L. & S.L.		
31			ગણિત / જીવ વિજ્ઞાન		
32		11-12 (સામાન્ય પ્રવાહ)	આંકડાશાસ્ત્ર		
33			અંગ્રેજી F.L. & S.L. / વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન		
34	ચોથી	9-10	ગુજરાતી F.L & S.L.	7/12/2023	૩૦ નવેમ્બર સુધીનો અભ્યાસક્રમ
35			વિજ્ઞાન		
36		11-12 (વિજ્ઞાન પ્રવાહ)	રસાયણ વિજ્ઞાન		
37			ભૌતિક વિજ્ઞાન		
38		11-12 (સામાન્ય પ્રવાહ)	મનોવિજ્ઞાન / નામાના મૂળતત્વો/ અર્થશાસ્ત્ર		
39		9-10	સામાજિક વિજ્ઞાન	21/12/2023	૧૫ ડીસેમ્બર સુધીનો અભ્યાસક્રમ
40			ગણિત		
41		11-12 (વિજ્ઞાન પ્રવાહ)	અંગ્રેજી F.L. & S.L.		
42			ગણિત / જીવ વિજ્ઞાન		
43		11-12 (સામાન્ય પ્રવાહ)	આંકડાશાસ્ત્ર		
44			અંગ્રેજી F.L. & S.L. / વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન		

ક્રમ	એકમ કસોટી	ધોરણ	વિષય	તારીખ	અભ્યાસક્રમ
45	પાંચમી	9-10	ગુજરાતી F.L & S.L.	4/1/2024	૩૧ ડીસેમ્બર સુધીનો અભ્યાસક્રમ
46			વિજ્ઞાન		
47		11-12 (વિજ્ઞાન પ્રવાહ)	રસાયણ વિજ્ઞાન		
48			ભૌતિક વિજ્ઞાન		
49		11-12 (સામાન્ય પ્રવાહ)	મનોવિજ્ઞાન / નામાના મૂળતત્વો/ અર્થશાસ્ત્ર		
50		9-10	સામાજિક વિજ્ઞાન	18/01/2024	૧૫ જાન્યુઆરી સુધીનો અભ્યાસક્રમ
51			ગણિત		
52		11-12 (વિજ્ઞાન પ્રવાહ)	અંગ્રેજી F.L. & S.L.		
53			ગણિત / જીવ વિજ્ઞાન		
54		11-12 (સામાન્ય પ્રવાહ)	આંકડાશાસ્ત્ર		
55			અંગ્રેજી F.L. & S.L. / વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન		

વિશેષ નોંધ:- શિક્ષણ વિભાગના તા:-12/02/2020ના ઠરાવ મુજબ એકમ કસોટીમાં દર્શાવેલ ઉપરોક્ત વિષયો સિવાય શાળા કક્ષાએ ચાલતા ફરજિયાત વિષયોની એકમ કસોટી શાળા કક્ષાએથી લેવાની રહેશે.